ધનતેરસથી ભાઈબીજ સુધી દરેક દિવસનું છે વિશેષ મહત્ત્વ

દીપોત્સવ દરમિયાન દીવડાઓનો દિવ્ય પ્રકાશ-પરંપરાનું અનેરુ વિજ્ઞાન!



દિવાળી એટલે માત્ર રોશનીનો તહેવાર નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, આસ્થા, પરંપરા અને પારિવારિક સંબંધોની ઉજવણી. અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક ગણાતો આ પર્વ પાંચ દિવસ સુધી વિવિધ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓ સાથે ઉજવાય છે. આ પાંચેય દિવસોમાં દીવડા પ્રગટાવવાનું વિશેષ મહત્ત્વ છે. પરંતુ શું તમે જાણો છો કે ધનતેરસથી લઈને ભાઈબીજ સુધી કેટલા દીવડા પ્રગટાવવા જોઈએ અને દરેક દિવસ પાછળ કઈ માન્યતા જોડાયેલી છે? ભારતીય પરંપરામાં માટીના દીવડાનું સ્થાન અનોખું છે. માટી, તેલ અને કપાસની વાટથી તૈયાર થતો દીવડો પ્રકૃતિ સાથેના આપણા સંબંધનું પ્રતીક છે. માટી ધરતીનું, તેલ સમર્પણનું અને પ્રકાશ જ્ઞાન તથા સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે. દીવડો પ્રગટાવવો એટલે માત્ર ઘરમાં અજવાળું કરવું નહીં, પરંતુ જીવનમાંથી અજ્ઞાન, નકારાત્મકતા અને નિરાશાનો અંધકાર દૂર કરવાનો સંકલ્પ લેવો. આ જ કારણ છે કે દિવાળીમાં દીવડાઓને ધાર્મિક અને સાંસ્કૃતિક બંને દૃષ્ટિએ વિશેષ સ્થાન મળ્યું છે. દિવાળીના પાંચ દિવસોની ઉજવણી આમ તો અગિયારસથી થઈ જાય પણ ખરી ઉજવણી ધનતેરસથી શરૂ થાય છે અને ભાઈબીજ સાથે પૂર્ણ થાય છે. દરેક દિવસની પોતાની ધાર્મિક માન્યતા અને દીવડા પ્રગટાવવાની પરંપરા છે. પરંપરાગત રીતે માટીના દીવડા પ્રકૃતિ સાથે જોડાણનો સંદેશ આપે છે. માટીમાંથી બનેલા દીવડા સ્થાનિક કારીગરોની આજીવિકાનું સાધન પણ છે.



ધનતેરસ: આ દિવસે ધન્વંતરિ ભગવાનની પૂજા કરવામાં આવે છે. ઘરના મુખ્ય દરવાજે યમદીપ પ્રગટાવવાની પરંપરા પણ છે. આ દીવડો પરિવારની સુખાકારી અને દીર્ઘાયુની પ્રાર્થના સાથે જોડાયેલો છે.

કાળી ચૌદશ: આ દિવસે યમરાજને સમર્પિત દીવડા પ્રગટાવી પરિવારની રક્ષા અને અકાળ મૃત્યુથી બચવાની પ્રાર્થના કરવામાં આવે છે. નકારાત્મક શક્તિઓથી મુક્તિની માન્યતા પણ આ દિવસ સાથે જોડાયેલી છે.

દિવાળી અને લક્ષ્મીપૂજન: આ દિવસ પ્રકાશપર્વનો મુખ્ય દિવસ છે. ઘરના દરેક ખૂણે દીવડા પ્રગટાવી માતા લક્ષ્મીનું સ્વાગત કરવામાં આવે છે. સુખ, સમૃદ્ધિ અને ઐશ્વર્યની કામના સાથે આખું ઘર પ્રકાશિત કરવામાં આવે છે.

ગોવર્ધન પૂજા અને અન્નકૂટ:આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા અને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે. દીવડાઓ દ્વારા ઘર અને આંગણાને પ્રકાશિત કરવાની પરંપરા છે.

ભાઈબીજ: ભાઈ-બહેનના પ્રેમ અને અતૂટ સંબંધને સમર્પિત આ દિવસે દીવડા પ્રગટાવી પરિવારના સુખ અને ભાઈના દીર્ઘાયુની મંગલકામના કરવામાં આવે છે.

માટીના દીવડાનું પરંપરાગત મહત્ત્વ ઓછું થયું નથી

દિવાળીના પર્વે માટીના દીવડાની ખરીદી કરીને આપણે કુંભાર સમાજના પરિશ્રમ અને પરંપરાગત કળાને પ્રોત્સાહન આપી શકીએ છીએ.દીવડાનો પ્રકાશ માનસિક રીતે આનંદ, શાંતિ અને ઉત્સાહની અનુભૂતિ કરાવે છે. પરિવારના સભ્યો સાથે મળીને દીવડા પ્રગટાવવાની પ્રવૃત્તિ સામૂહિક આનંદ અને લાગણીસભર જોડાણનું માધ્યમ બને છે.આજના સમયમાં ઇલેક્ટ્રિક લાઇટિંગ અને રંગબેરંગી એલઇડીનો ઉપયોગ વધ્યો છે, છતાં માટીના દીવડાનું પરંપરાગત મહત્ત્વ ઓછું થયું નથી. માટીના દીવડા પ્રકૃતિને અનુરૂપ ઉજવણીની સાથે સ્થાનિક કારીગરોને રોજગારી આપવાનો પણ એક સુંદર માર્ગ છે.

દિવાળીએ પ્રકાશની સાથે સંસ્કૃતિને પણ જીવંત રાખીએ

દિવાળીની સાચી સુંદરતા માત્ર ઘરની સજાવટ કે રોશનીમાં નથી, પરંતુ તેની પાછળ રહેલી ભાવનામાં છે. પરિવાર સાથે દીવડા પ્રગટાવવા, જરૂરિયાતમંદોને મદદ કરવી, સ્થાનિક કારીગરો પાસેથી માટીના દીવડા ખરીદવા અને પર્યાવરણને અનુકૂળ રીતે તહેવાર ઉજવવો એ પણ દિવાળીની ઉજવણીનો મહત્ત્વનો ભાગ છે.આખરે, દીવડો આપણને એક જ સંદેશ આપે છે કે અંધકાર ગમે તેટલો ગાઢ હોય, એક નાનકડો પ્રકાશ પણ તેને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. તો આ દિવાળીએ માત્ર ઘરને જ નહીં, પોતાના વિચારો, સંબંધો અને સમાજને પણ પ્રકાશિત કરવાનો સંકલ્પ લઈએ.કારણ કે દિવાળીનો સાચો પ્રકાશ દીવડામાં નહીં, પરંતુ આપણા જીવનમાં પ્રગટતી સકારાત્મકતા અને માનવતામાં વસે છે.

દીવાની જ્યોતમાંથી નીકળતો પ્રકાશ ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો પેદા કરે છે

હવે આપણે જોઈએ વૈજ્ઞાનિક રહસ્ય. તો દિવાળીના દિવસે માટીના કોડિયાની અંદર ગાયના ઘીથી અથવા સરસવના તેલ અને તલના તેલથી દીવા કરવામાં આવે છે. તો જે ચોમાસાના અંતમાં દિવાળી આવતા હોવાથી ચોમાસાના ભેજવાળા વાતાવરણને કારણે અનેક પ્રકારના જીવજંતુઓ,હાનિકારક બેક્ટેરિયાનો નાશ કરવા માટે દીવા પ્રગટાવવામાં આવે છે. દિવાની જ્યોતથી સૂર્યપ્રકાશની સાથે ઉપર જતી જ્યોત અનેક પ્રકારની સકારાત્મક ઉર્જાઓ મનુષ્યના જીવનની અંદર લાવી આપે છે. વાતાવરણની શુદ્ધિ કરે છે અને અનેક પ્રકારના હાનિકારક બેક્ટેરિયાઓનો નાશ કરતો હોવાથી પણ દીવાને ખૂબ જ મહત્વ આપણા શાસ્ત્રોની અંદર વૈજ્ઞાનિક રીતે પણ આપવામાં આવે છે. વિજ્ઞાન અનુસાર, દીવાની જ્યોતમાંથી નીકળતો પ્રકાશ અને ગરમી આસપાસના વાતાવરણમાં ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગો પેદા કરે છે.



વિજયભાઈ શાસ્ત્રી, માલસર

અંધકાર પર પ્રકાશનો વિજય

દિવાળીના મહોત્સવનો પ્રારંભ

અગિયારસે વિષ્ણુ-લક્ષ્મી પૂજન અને દીપદાનનું વિશેષ મહત્વ



સંસ્કારી નગરી વડોદરા સહિત સમગ્ર દેશમાં આજથી રોશની અને ઉલ્લાસના મહાપર્વ દિવાળીની વિધિવત શરૂઆત થઈ ચૂકી છે. આસો વદ અગિયારસના પવિત્ર દિવસથી શરૂ થતો આ પંચપર્વીય ઉત્સવ હવે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સરહદો ઓળંગીને સમગ્ર વિશ્વમાં ધામધૂમથી ઉજવાય છે. ઘર-આંગણે ઝળહળતી રોશની, રંગબેરંગી રંગોળીઓ અને આતશબાજી વચ્ચે પવિત્રતા અને આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે. વડોદરાના ઐતિહાસિક બજારોથી લઈને દેશના ખૂણે-ખૂણા સુધી લોકો ઉત્સવના રંગે રંગાયા છે. દિવાળી પંચપર્વની શરૂઆત અગિયારસના દિવસથી થા ય છે. જ્યોતિષ અને સનાતન પ્રથા મુજબ અગિયારસનો દિવસ આધ્યાત્મિક અને મનોકામના પૂર્ણ કરનારો માનવામાં આવે છે. આ દિવસે વ્રત, દાન અને દેવ-આરાધનાનું અનેરું માહાત્મ્ય છે. પૌરાણિક માન્યતા અનુસાર, અગિયારસનું વ્રત કરવાથી મન અને શરીરની શુદ્ધિ થાય છે તેમજ સાધકને અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે. પવિત્ર મનથી કરવામાં આવતી વિષ્ણુ પૂજા જીવનના તમામ પાપો અને નકારાત્મકતાનો નાશ કરે છે. સમયની સાથે દિવાળી હવે માત્ર ભારત પૂરતી મર્યાદિત ન રહેતા એક વૈશ્વિક ઉત્સવ બની ચૂક્યો છે. અમેરિકા, બ્રિટન, કેનેડા અને યુ.એ.ઈ. જેવા દેશોમાં વસતા ભારતીયો જ નહીં, પરંતુ વિદેશી નાગરિકો પણ આ પ્રકાશ પર્વમાં ઉત્સાહભેર ભાગ લે છે. અંધકાર પર પ્રકાશ અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક એવો આ તહેવાર આજે સમગ્ર વિશ્વને પ્રેમ, એકતા અને સમભાવનો સંદેશ આપી રહ્યો છે.

અગિયારસના પવિત્ર દિવસે વહેલી સવારે સ્નાન આટોપીને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીજીની પૂજા-અર્ચના કરવી ઈષ્ટદાયક છે. આ દિવસે તુલસી પત્ર અર્પણ કરી વિષ્ણુ સહસ્ત્રનામ કે ઓમ નમો ભગવતે વાસુદેવાય મંત્રનો જાપ કરવો શુભ માનવામાં આવે છે. સાંજના સમયે ઘરના મુખ્ય દ્વાર અને તુલસી ક્યારે ઘીનો દીપક પ્રગટાવીને નકારાત્મક ઊર્જા દૂર કરવાનો વિધાન છે.

આ દિવસે જરૂરિયાતમંદ લોકોને અન્ન, વસ્ત્ર કે ફળનું દાન કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે તેમજ સાત્વિક આહાર કે ફળાહારનું પાલન કરવું જોઈએ. જ્યોતિષાચાર્ય પ્રદીપ પંડ્યાના અનુસાર "અગિયારસ એ માત્ર એક તિથિ નથી, પરંતુ ગ્રહો અને નક્ષત્રોનો એવો શુભ સંયોગ છે જે મન અને આત્માને ઊર્જાવાન બનાવે છે. આ દિવસે પ્રગટાવાયેલો એક દીપક પણ જીવનના તમામ ગ્રહદોષોને શાંત કરી લક્ષ્મીજીની કાયમી કૃપા અપાવે છે."

ફટાકડાના સ્ટોલો પર તંત્રનો સપાટો

શહેરના પોલો ગ્રાઉન્ડ પાસે ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવેલા ફટાકડાના સ્ટોલ અને તંબુઓ સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને દબાણ શાખાની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચીને ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરી છે. તંત્રની આ અચાનક થયેલી આ કાર્યવાહીથી ગેરકાયદેસર વેપારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

બે લાખની લાંચ કેસમાં આગોતરા જામીન મંજૂર

સાત મહિનાથી ફરાર પાદરાના પૂર્વ PI ચારણને હાઈકોર્ટમાંથી રાહત



બે લાખ રૂપિયામાં પતાવટ નક્કી થઈ હતી અને છટકામાં ફસાયા હતાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

પાદરા પોલીસ સ્ટેશનના ચકચારી બે લાખ રૂપિયાના લાંચ પ્રકરણમાં છેલ્લા સાત મહિનાથી ફરાર તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. ચારણને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે તેમના આગોતરા જામીન મંજૂર કરતાં 17 નવેમ્બર 2026 સુધીમાં હાજર થઈ તપાસમાં સહકાર આપવા આદેશ કર્યો છે. સાથે જ પોતાના નિવેદનો નોંધાવવા પણ સૂચના આપી છે.આ પ્રકરણમાં પાદરા પોલીસ મથકમાં નોંધાયેલા સામાન્ય ઝઘડાના કેસને 'લવ જેહાદ'નો ગંભીર ગુનો બનાવી કાર્યવાહી કરવાની ધમકી આપી લાંચ માગવામાં આવી હોવાનો આક્ષેપ છે. શરૂઆતમાં છ લાખ રૂપિયાની માગણી કર્યા બાદ રકઝકના અંતે બે લાખ રૂપિયામાં પતાવટ નક્કી થઈ હતી. ફરિયાદીને વારંવાર ફોન કરી રકમ ચૂકવવા દબાણ કરવામાં આવતું હોવાનો પણ આક્ષેપ છે. સાત મહિનાથી ફરાર રહેલા પૂર્વ PIને જામીન મળતાં આ ચકચારી કેસમાં ફરી ચર્ચા જાગી છે.

રોડ પર આવી ચડેલા પાંચ ફૂટના મગરને અજાણ્યા વાહને અડફેટે લીધો



(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ઢોલાર ગામ નજીક અજાણ્યા વાહનની અડફેટે મગર ઈજાગ્રસ્ત થયો હતો. વાહન ચાલકને રોડ પર મગર હોવાનો ખ્યાલ ન આવ્યો હોય અને અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. દરમિયાન રોડ પરથી પસાર થતા કેટલાક જાગૃત રાહદારીઓની નજર મગર પર પડતા તેઓએ તાત્કાલિક ડભોઈ વન વિભાગ અને સ્થાનિક નેચર સેવિંગ ફાઉન્ડેશનના યુવકોને જાણ કરી હતી. વન વિભાગ અને એનજીઓની રેસ્ક્યુ ટીમે મગરને રેસ્ક્યુ કરી સુરક્ષિત રીતે ડભોઈ વન વિભાગ કચેરી ખાતે લવાયો હતો.

રણોલીમાં અસામાજિક તત્વની ખુલેઆમ દાદાગીરી

'પોતે જ ડોન હોય' તેમ કાયદાના ધજાગરા ઉડાડ્યા, સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા નજીક આવેલા રણોલી વિસ્તારમાં અસામાજિક તત્વોની ખુલેઆમ દાદાગીરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસ અને કાયદાનો કોઈ પણ જાતનો ભય ન રહ્યો હોય તેમ એક અસામાજિક તત્વ દ્વારા વિસ્તારમાં લોકોને ડરાવવાનો અને ધમકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અગાઉ પણ આ જ શખ્સ દ્વારા આવી જ અસામાજિક પ્રવૃત્તિઓ આચરીને સ્થાનિક લોકોમાં દહેશતનો માહોલ ઊભો કરવામાં આવ્યો હતો, પરંતુ કાયદાના કડક હાથોથી બચી ગયેલા આ તત્વે ફરી એકવાર આખા ગામને માથે લીધું છે. સામે આવેલા વીડિયોમાં આ શખ્સ પોતે કોઈ મોટો ડોન હોય તેવો રોફ જમાવતો અને આસપાસના લોકોને હેરાન-પરેશાન કરતો નજરે પડે છે. તે રસ્તા પરથી પસાર થતા લોકોને રોકીને જબરદસ્તી પાણીની બોટલો મંગાવી રહ્યો છે અને લોકો પાસેથી મોબાઈલ ફોન તથા પૈસા પડાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. એટલું જ નહીં, સામાન્ય નાગરિકો સાથે ઉદ્ધત વર્તન કરીને તે પોતાની જાતને અસામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડીને ડરાવવાનો ખુલેઆમ પ્રયાસ કરી રહ્યો છે. દિવસેને દિવસે વડોદરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓ ભારે ભયના ઓછાયા હેઠળ જીવવા મજબૂર બન્યા છે. આવી રીતે ખુલ્લેઆમ દાદાગીરી કરતા તત્વો સામે પોલીસ દ્વારા તાત્કાલિક અને પાસાં સહિતના કડકમાં કડક પગલાં ભરવામાં આવે તેવી સ્થાનિકોમાં પ્રબળ માંગ ઊઠી રહી છે.



ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે ઘટના ઘટી

પાલિકાની કચેરી સામે જ પાલિકાની સિટી બસ ખોટકાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેરના સૌથી ભરચક અને વ્યસ્ત વિસ્તાર ગણાતા ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે સિટી બસ રસ્તા વચ્ચે જ બંધ પડી જતાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. લાંબા સમય સુધી બસ રસ્તા વચ્ચે ઊભી રહેતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ખંડેરાવ માર્કેટ વિસ્તાર શહેરનો મુખ્ય બજાર વિસ્તાર છે, જ્યાં સવારથી સાંજ સુધી ખરીદી માટે આવતા લોકો અને વાહનોની સતત અવરજવર રહે છે. ચાર રસ્તા હોવાથી અહીં ચારે દિશામાંથી વાહનો આવે છે. આવા ભરચક સમયે બસ અચાનક બંધ પડતા ચારે તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. રીક્ષા, ટુ-વ્હીલર અને કાર ચાલકોએ વૈકલ્પિક રસ્તો શોધવા મથામણ કરવી પડી હતી, તો રાહદારીઓને પણ રસ્તો ઓળંગવામાં મુશ્કેલી પડી હતી. બસ બંધ પડ્યા બાદ ઘણા સમય સુધી તેને હટાવવામાં ન આવતા ટ્રાફિકની સમસ્યા વધુ વકરી હતી. સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું હતું કે, જૂની બસ હોવાથી વારંવાર આવી રીતે રસ્તામાં બંધ પડી જાય છે. આ પહેલા પણ મધ્ય વિસ્તારમાં અનેક વખત આવી ઘટનાઓ બની ચૂકી છે.બબીજી તરફ સ્થાનિકોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરતા ફરિયાદ કરી છે કે, વડોદરા શહેરમાં નવી અંદાજે 50 જેટલી સિટી બસો શરૂ કરવામાં આવી હોવા છતાં મધ્ય વિસ્તારના માર્ગો પર નવી બસો મૂકવામાં આવતી નથી.



૧૦-૧૨ વર્ષથી ચાલી આવતા નશાખોરીના દૂષણ સામે બૂમરાણ

વારસિયામાં આશરાનો ગેરલાભ ઉઠાવી અસામાજિક પ્રવૃત્તિઓ ધમધમી ઊઠી

સ્થાનિકોએ અસામાજિક તત્વો પર કડક કાર્યવાહી કરવાની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

શહેરના સંવેદનશીલ ગણાતા વારસિયા વિસ્તારમાં આવેલી આઈ.ટી. ઓફિસ પાસે રહેતા શ્રમિકો અને ગરીબ પરિવારો દ્વારા કરવામાં આવતી દારૂની બૂમરાણ, ગાંગા અને રોજબરોજના ત્રાસથી કંટાળીને આસપાસના સ્થાનિક રહીશો તથા મકાન માલિકોનો આક્રોશ ફાટી નીકળ્યો હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વારસિયા વિસ્તારમાં સ્થાનિક લોકો દ્વારા પરોપકારની ભાવનાથી કેટલાક ગરીબ અને શ્રમિક પરિવારોને રહેવા માટે આશરો આપવામાં આવ્યો હતો. પરંતુ આ આશરાનો ગેરલાભ ઉઠાવીને ત્યાં રહેતા કેટલાક ઈસમો દ્વારા નિયમિતપણે



દારૂનું સેવન કરી, મોડી રાત્રે ગાળાગાળી કરવા, પારિવારિક તેમજ અસામાજિક ઝઘડાઓ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, અહીં રહેતા લોકો પોતાના ઘરો ભાડે આપીને ખુદ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાય છે અને નશાની હાલતમાં આસપાસના વાતાવરણને ડહોળે છે. સ્થાનિક મહિલાઓ અને પુરુષોએ મીડિયા સમક્ષ પોતાની વેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમના નાના-નાના બાળકો છે અને આસપાસ રહેતા પરિવારો માટે આ પ્રકારે જાહેરમાં ચાલતી નશાખોરી તથા ગંદકી અસહ્ય બની ગઈ છે. લોકો તે મને ભોજન અને મદદ પણ પૂરી પાડતા હતા, પરંતુ બદલામાં આ શ્રમિકો દ્વારા અવારનવાર દારૂના નશામાં દંગા-ફસાદ અને મારામારી કરવામાં આવતી હોવાથી હવે સહનશક્તિની તમામ હદો વટાઈ ચૂકી છે. સ્થાનિક રહેવાસીઓએ આક્રોશ વ્યક્ત કરતા સ્પષ્ટ કર્યું છે કે માનવતાના નાતે રહેવા માટે જગ્યા આપી તેનો અર્થ એ નથી કે અસામાજિક પ્રવૃત્તિઓને છૂટો દોર આપી દેવામાં આવે. આ સમગ્ર મામલે સ્થાનિકોમાં વ્યાપેલા રોષ અને વિવાદને પગલે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ સામાજિક શિસ્ત જાળવી રાખવા માટે ગંભીર સવાલો ઊભા થયા છે, ત્યારે આ પ્રકારની પ્રવૃત્તિઓ પર કડક અંકુશ લાવવા માટે સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

ઉત્તર ઝોનમાં ડ્રેનેજ લાઈનના કામમાં દલાતરવાડીની નીતિ!

૪૨.૬૨ લાખ વધુ ખર્ચની દરખાસ્તથી ભારે વિવાદ



(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા આગામી વર્ષ દરમિયાન ઉત્તર ઝોન વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવા માટે વાર્ષિક ઈજારા પેટે જાન્યુઆરી ૨૦૨૬માં રૂ. ૭,૧૫,૪૩,૩૫૦ ના અંદાજથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રથમ પ્રયત્નમાં સફળતા ન મળતાં બીજા પ્રયત્ને એમ.આર. એન્ટરપ્રાઈઝીસ અને જે.એસ. ઈન્ફાટેક દ્વારા ભાવપત્રો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં એમ.આર. એન્ટરપ્રાઈઝીસનું ભાવપત્ર અંદાજિત રકમ કરતાં ૬ ટકા વધુ હોવાનું સામે આવ્યું છે. આ કામ ૧૦ કરોડની મર્યાદામાં અંદાજિત ભાવ કરતાં ૬ ટકા વધુ ભાવે આપવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત મંજૂર થાય તો રૂ. ૭.૧૫ કરોડના અંદાજ સામે ૬ ટકા લેખે રૂ. ૪૨,૬૨,૬૦૧ વધુ ચૂકવવા પડશે. પરિણામે આ કામનો કુલ ખર્ચ રૂ. ૭,૫૮,૩૫,૯૫૧ થશે. આમ, નવી ડ્રેનેજ લાઈન નાખવાના કામમાં અંદાજ કરતાં વધુ નાણાં ખર્ચવાની દર ખાસ્તને લઈને સ્થાયી સમિતિમાં આગામી સમયમાં નિર્ણય લેવાશે.

NSUIએ વાઇસ ચાન્સેલરને રજૂઆત, બંધ CCTV ચાલુ કરવા અને પેટ્રોલિંગ વધારવાની માંગ

MSUમાં અશ્લિલ હરકતો-મારમારીની ઘટનાઓનો NSUI દ્વારા વિરોધ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વધી રહેલી અસામાજિક પ્રવૃત્તિઓ, મારામારી અને અશ્લીલ હરકતોના વાયરલ વીડિયોને લઈને એનએસયુઆઈએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. યુનિવર્સિટીની ગરિમા અને વિદ્યાર્થીઓની સુરક્ષા માટે હેડ ઓફિસ ખાતે વાઈસ ચાન્સેલરને રજૂઆત કરી હતી. એમ.એસ.યુનિવર્સિટીના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના આગેવાન કાર્યકરોએ કેમ્પસમાં સુરક્ષા સ્ટાફ વધારી સતત પેટ્રોલિંગ રાખવા, લાખોના કોન્ટ્રાક્ટ છતાં બંધ હાલતમાં રહેલા CCTV કેમેરા તાત્કાલિક ચાલુ કરવા અને રાત્રે 9 વાગ્યા સુધી લાઇબ્રેરી ચાલુ રહેતી હોવાથી વિદ્યાર્થીઓની અવરજવર માટે પૂરતી સ્ટ્રીટ લાઈટો મૂકવાની માંગ કરાઈ



છે. વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, દર અઠવાડિયે કોઈને કોઈ મારામારી કે અશ્લીલ હરકતનો વીડિયો સામે આવે છે. બહારના લોકો પણ કેમ્પસમાં બેસે છે. નવા વાઈસ ચાન્સેલરે પદ સંભાળ્યું ત્યારથી દર મહિને એક-બે અક્ષમ્ય બનાવો બની રહ્યા છે, જેનાથી સરસ્વતીના ધામ સમાન યુનિવર્સિટીની ગરિમાને ઠેસ પહોંચી રહી છે. પ્રશાસન સુરક્ષા વધારી અસામાજિક ગતિવિધિઓ પર અંકુશ લાવે તેવી અમારી સ્પષ્ટ માંગ છે.